દાખલ તારીખ :– ૨૪–૦૨–૨૦૨૬
નોંધણી તારીખ :– ૨૪–૦૨–૨૦૨૬
ફેંસલ તારીખ :– ૧૨–૦૩–૨૦૨૬
સમયગાળો :– **વર્ષ–માસ–દિવસ**
**૦૦–૦૦–૧૬**

**પાટણના મે.ચોથા એડીશનલ સેશન્સ જજ શ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ.પાટણ.**

**ક્રિમીનલ રીવીઝન અરજી નં. ૧૭/૨૦૨૬**

**આંક :**

**અરજદાર** :– મુમન રીજવાનભાઈ ઉમરભાઈ નોડસોલા,
ઉ.વ.આ.૫૩, ધંધોઃ ખેતી તથા પશુપાલન,
રહે. નેદરા, હે.મોમીનવાસ, તા.સિધ્ધપુર, જી.પાટણ.

**– : વિરૂધ્ધ : –**

**સામાવાળા** :– (૧) શ્રી સરકાર
(૨) સંચાલકશ્રી નાગવાસણા પાંજરાપોળ,
મુ.નાગવાસણા, તા.સિધ્ધપુર, જી.પાટણ.

**બાબત :–** બી.એન.એસ.એસ.ની કલમ– ૪૩૮ મુજબ મુદ્દામાલ (ભેંસો નંગ–૧૫) પરત મેળવવા રીવીઝન અરજ.

---

અરજદાર તરફે : વિ.વ.શ્રી આર.એસ.વણકર
સામાવાળા નં.૧ શ્રી સરકાર તરફે : વિ.સ્પે.પી.પી.શ્રી કે.સી.રાઠોડ
સામાવાળા નં. ૨ તરફે વિ.વ.શ્રી એચ.બી.શર્મા

---

**:: ઠ રા વ ::**

(૧) આ કામના અરજદારે હાલની રીવીઝન અરજી કરી પોતાની રીવીઝન અરજીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૨૧૭૦૩૦૨૫૧૪૦૦/૨૦૨૫, પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) મુજબના ગુનાના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલ ભેંસો નંગ–૧૫ છે તે મુદ્ધામાલ ભેંસો પરત મેળવવા સિધ્ધપુરના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં બી.એન.એસ. એસ.ની કલમ–૪૯૭ અન્વયે અરજી કરેલ. જે અરજી સિધ્ધપુરના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી નાઓ ધ્વારા તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજના હુકમથી નામંજુર કરવામાં આવેલ છે અને સદર હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજી કરેલ છે. અરજદારે આ અરજીના સમર્થનમાં આંક–૩, ૮ તથા ૧૧ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી ઉપરથી સામાવાળાઓને નોટીસ કરવામાં આવતા, સામાવાળા નં. ૧ શ્રી સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી કે.સી.રાઠોડ તેમજ સામાવાળા નં. ૨ તરફે વિ.વ.શ્રી એચ.બી.શર્મા હાજર થયેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વકીલશ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે, સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૦૨૫૧૪૦૦/૨૦૨૫, પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) મુજબના ગુનાના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલ ભેંસો નંગ–૧૫ પરત મેળવવા સિધ્ધપુરના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં બી.એન.એસ. એસ.ની કલમ–૪૯૭ અન્વયે અરજી કરેલ. જે અરજી સિધ્ધપુરના એડીશનલ

ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી નાઓ ધ્વારા તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજના હુકમથી નામંજુર કરવામાં આવેલ છે. સદર હુકમથી નારાજ થઈ અરજદારે હાલની રીવીઝન અરજી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે નામ.એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, સિધ્ધપુર નાઓનો સદર હુકમ ખોટો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો છે, બી.એન. એસ.એસ.ની જોગવાઇઓ ધ્યાનમાં લેવામાં ગંભીર ભુલ કરેલ છે, અરજદાર તરફે રજૂ કરેલ પુરાવાને ધ્યાનમાં લીધા સિવાય હુકમ કરેલ છે, રજૂ કરેલ પુરાવા માનવામાં ગંભીર ભુલ કરેલ કરેલ છે, અરજદારે મુદ્દામાલ ભેંસો અરજદારની માલિકીનું છે તે પુરવાર કરેલ હોવા છતાં મુદ્દામાલ ભેંસો પરત કરવાની અરજી ખોટી રીતે નામંજૂર કરેલ છે. જેથી સદર હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, ઉપરોકત ગુનાના કામે સદરહુ ભેંસોને ખોટી રીતે ત.ક. અમલદારે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ છે. હાલના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. આ કામે કેસ ચાલતા સમય જાય તેમ હોવાથી, સદરહુ મુદ્દામાલ ભેંસો હાલમાં પાંજરાપોળમાં હોઈ અને લાંબો સમય સુધી પાંજરાપોળમાં રાખવામાં આવે તો ભેંસોની કોઈ સારસંભાળ ન થાય અને સમયસર ઘાસચારો તથા પાણી આપવામાં ન આવે તો ભેંસો બિમાર થવાની કે મરણ જવાની શક્યતાઓ છે તેમજ સદરહુ મુદ્દામાલ ભેંસો અરજદારની આજીવિકાના પશુઓ છે. આ કામે પોલીસ તપાસ પૂર્ણ થઈ ગયેલ હોઈ, તપાસના કામે મુદ્દામાલની જરૂરીયાત રહેતી નથી. સદરહુ મુદ્દામાલ ભેંસો પરત આપવા માટે નામદાર કોર્ટ લાદશે, તે તમામ શરતોનુ અરજદાર પાલન કરશે. જેથી નામ.એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, સિધ્ધપુર નાઓ દ્ધારા મુદ્દામાલ ભેંસો પરત મેળવવાની અરજી તળે તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ રદ કરી હાલની મુદ્દામાલ ભેંસો નંગ-૧૫ પરત મેળવવાની રીવીઝન અરજી મંજૂર કરી યોગ્ય શરતોએ અરજદારને સદરહુ ભેંસો નંગ-૧૫ નો કબજો સોંપવા વિનંતી કરેલ છે.

(૪) હાલની રીવીઝન અરજીના કામે સામાવાળા નં.૧ શ્રી સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રીએ હાલની રીવીઝન અરજીનો વિરોધ કરી પોતાની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, સદરહુ મુદ્દામાલ ભેંસો, પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) મુજબના ગંભીર ગુનાના કામે પોલીસે કબજે લીધેલ છે. સદરહુ મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો ટ્રાયલ વખતે મુદ્દામાલ ઓળખનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. જેથી નામ. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, સિધ્ધપુર નાઓ દ્વારા અરજદારની અરજી નામંજુર કરતો જે હુકમ કરેલ છે તે કાયદાની જોગવાઈઓ મુજબનો અને યોગ્ય છે અને સદર હુકમ હસ્તક્ષેપ કરવાને પાત્ર નથી. જેથી નામ. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, સિધ્ધપુર નાઓએ યોગ્ય હુકમ કરેલ હોઈ, હાલની રીવીઝન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૫) હાલની રીવીઝન અરજીના કામે સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રીએ આંક–૯ થી લેખિત જવાબ રજૂ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે અને અરજદારની હાલની અરજી ખર્ચ સહ રદ કરવા વિનંતી કરેલ છે અને તેઓએ નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ કરી તેના પર આધાર રાખેલ છે.

(1) Hon'ble Supreme Court, Criminal Appeal No.230/2020, RAGURAM SHARMA & ANR. V/S C. THULSI & ANR.,
(2) Hon'ble Supreme Court, Criminal Appeal No.1719/2022, Shri Chatrapati Shivaji Gaushala V/s State of Maharashtra and Others,
(3) Hon'ble High Court of Judicature At Bombay, Nagpur Bench, Nagpur, Criminal Writ Petition

No.708/2022 & 715/2022.

(4) The Circular of Care and Maintenance of Case Property Animals of Animal Welfare Board of India.

(૬) પક્ષકારોના વિ.વ.શ્રીઓની રજુઆતો તથા વિ. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુર નાઓનો હુકમ જોતા, આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું અરજદાર એ હકીકત સ્થાપિત કરે છે કે, વિ. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુર નાઓએ સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૦૨૫૧૪૦૦/૨૦૨૫, પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) મુજબના ગુનાના કામે પોલીસ ધ્વારા કબજે કરેલ મુદ્દામાલ ભેંસો નંગ–૧૫ પરત મેળવવાની બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયેની અરજી લગત તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ વાદવાળો હુકમ કાયદાની જોગવાઈઓથી વિરૂધ્ધનો અને ભુલ ભરેલો અથવા કોઈપણ રીતે હસ્તક્ષેપ કરવાને પાત્ર છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે :

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણય અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**::: કા ર ણો :::**

**મુદ્દા નં.૧ અને ૨ :–**

(૯) આ કામે હાલના અરજદાર તરફે મુખ્યત્વે તેઓની અરજીમાં તેમજ દલીલોમાં જણાવેલ છે કે, સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૨૧૭૦૩૦૨૫૧૪૦૦/૨૦૨૫, પશુઓ પ્રત્યે કુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) મુજબના ગુનાના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલ ભેંસો નંગ–૧૫ પરત મેળવવા સિધ્ધપુરના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી નાઓની કોર્ટમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે અરજી કરેલ. જે અરજી નામ. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, સિધ્ધપુર નાઓ ધ્વારા તા.૧૦/૦૨/ ૨૦૨૬ ના રોજના હુકમથી નામંજુર કરવામાં આવેલ છે અને તે હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજી કરેલ છે.

(૧૦) આ કામે એ નોંધવા લાયક છે કે આ ગુનાના કામે કુલ–૧૫ ભેંસો કબજે કરવામાં આવેલી જે પૈકી એક ભેંસ અવસાન પામેલ છે અને હાલ ૧૪ ભેંસો જીવીત છે.

(૧૧) આ કામે ટ્રાયલ કોર્ટનો હુકમ જોતાં તેમાં "મુદ્ધામાલ ભેંસો ભરેલ ટ્રક લોક કરેલ હાલતમાં પડેલ હતી અને ત્યાં ડ્રાઈવર કે ટ્રકના અન્ય કોઇ જવાબદાર વ્યકિત હાજર ન હતા, સ્થળ ઉપર ઘણા માણસો ભેગા થયેલા તેમ છતાં કોઇ ઇસમ આવેલા નહી. સામાન્ય રીતે પશુ જીવને કોઇ માલિક કે તેના જવાબદાર વ્યક્તિ પોતાના પશુ/ભેંસો ભરેલ ટ્રક મુકીને જતા રહે તેવું પ્રથમદર્શનીય રીતે માની શકાય નહી. વધુમાં અરજદાર તરફે સદર મુદ્ધામાલ ભેંસોની માલિકી બાબતે પોતાના સોગંદનામાં સિવાય અન્ય કોઇ પુરાવા રજૂ કરેલ નથી કે એવા કોઇ સાહેદોના સોગંદનામાં પણ રજૂ કરેલ નથી. અરજદારે

આ ૧૫ ભેંસો કોની પાસેથી ખરીદ કરેલ કે તેમની પાસે કેવી રીતે આવેલ તે અંગેની કોઇ સ્પષ્ટતા કરેલ નથી. જેથી મુદ્દામાલ ભેંસોની અરજદારની માલિકીની હોય તેવું નક્કી થઇ શકતું નથી. અરજદારે પોતાનું જે સોગંદનામું રજૂ કરેલ છે તે તેમજ તેઓ પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા છે તેવો નેદરા ગ્રામ પંચાયતનો દાખલો આપેલો છે પરંતુ અરજદાર પશુપાલનના ધંધા સાથે સંકળાયેલ છે તો કયા કયા અને કેટલા પશુ રાખે છે તે અંગે કોઇ સ્પષ્ટતા આ ગ્રામ પંચાયતના દાખલામાં કરવામાં આવેલ નથી. જેથી તેના પર આધાર રાખી તેઓ મુદ્દામાલ ભેંસોના માલિક છે તેવું પ્રથમદર્શનીય રીતે માની શકાય નહી. વધુમાં મુદ્દામાલ ભેંસોની માલિકી નક્કી થઇ શક્તી ન હોઇ અરજદાર તરફે આ કામે રજૂ થયેલ ભેંસોના આહાર પાણી અને સાચવણીના ખર્ચની રકમ સામાવાળા નં. ૨ પાંજરાપોળ વાળા સ્વીકરતા ન હોઇ તે અંગે હુકમ કરવાની અરજીનો નિર્ણય પણ અરજદારની તરફેણમાં કરવો ન્યાયોચીત જણાતુ નથી." આ મુજબનું તારણ આપી મુદ્દામાલ ભેંસો પરત મેળવવાની અરજી નામંજૂર કરેલ છે.

(૧૨) આ કામે સામાવાળા નં. ૨ નાગવાસણા પાંજરાપોળના સંચાલક તરફથી પણ વાંધો લેવામાં આવેલ છે અને તેઓએ નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટના કુલ-૩ ઠરાવ રજૂ કરેલ છે. જેમાં આરોપી સામે ટ્રાયલ પેન્ડીગ હોય તો આપી શકાય નહી અને પાંજરાપોળને આપવું જોઇએ તેવું ઠરાવેલ છે. પરંતુ હાલના ગુનાના કામે હાલના અરજદાર આરોપી નથી અને તેમની સામે ટ્રાયલ પેન્ડીગ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટનું શ્રી છત્રપતિ શિવાજી ગૌશાળા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદાનો પેરા નં. ૧૭ વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે માલિકને ક્યારે કસ્ટડી આપી શકાય તે સંદર્ભે પાંચ ગાઇડલાન આપી છે. જેમાં માલિક સામે પ્રથમ ગુનાના આક્ષેપ હોય અને અગાઉ કોઇ ગુનામાં સજા થયેલ ન હોય તો તેવા સંજોગોમાં નંબર ત્રણની ગાઇડલાઇન મુજબ જો તેના માલિક ક્લેઇમ કરતાં હોય તો તેનો ક્લેઇમ બેટર ક્લેઇમ છે તેવું ઠરાવેલ છે. હાલના કિસ્સામાં અરજદાર માલિક છે અને તે સંદર્ભે તેઓએ માલિકી અંગે ગ્રામ પંચાયતનો દાખલો રજૂ કરેલ છે. જેમાં હાલના અરજદાર પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા છે તેવું જણાઇ આવે છે તેમજ મુદ્દામાલ ભેંસો હાલના અરજદારની

માલિકીની છે તે અંગેનું સોગંદનામું પણ રજૂ કરેલ છે અને અરજદાર ખેતીલાયક જમીનો પણ ધરાવે છે તેના પુરાવા પણ રજૂ કરેલા છે. માત્ર અરજદાર અન્ય કોઇ પશુધન ધરાવતા નથી કે કેટલા ધરાવે છે તેવી કોઇ વિગત દાખલમાં દર્શાવેલ ન હોવાથી અરજદાર પશુપાલક નથી તેવું ટ્રાયલ કોર્ટનું માનવું યોગ્ય અને ન્યાયી નથી. વધુમાં હાલના અરજદાર, આરોપી નથી તેમજ ત.ક.અ.શ્રીએ પણ ટ્રાયલ કોર્ટને આપેલ અભિપ્રાયમાં પણ મુદ્દામાલ અરજદારને ન આપવા અંગે કોઇ કારણો જણાવેલા નથી. વધુમાં ૧૫ ભેંસો પૈકી એક ભેંસ અવસાન પામેલ છે અને ૧૪ ભેંસો જીવીત છે. તે સોંપવા હુકમ કરવા વિનંતી કરેલ છે તેવું ત.ક.અ.શ્રીએ જણાવેલ છે. આમ, ત.ક.અ.શ્રીનો અભિપ્રાય સમગ્ર અરજી સંદર્ભે તપાસ કર્યા બાદ જ રજૂ થયેલ હશે તેમ માનવાને કારણ છે. જો અરજદાર પશુપાલક ન હોય તો ત.ક.અ. હકારાત્મક અભિપ્રાય આપત જ નહી. વધુમાં પાંજરાપોળ તરફથી રજૂ કરવામાં આવેલ વાંધાઓ ના પેરા-૧૦ માં પણ તેઓએ વળતર રૂપે ખર્ચની રકમ લેવાની થયા છે તેવી હકીકત જણાવેલ છે. આમ, ઉપરોક્ત તમામ હકીકોત ધ્યાને લેતાં અરજદાર હાલના ગુનામાં આરોપી નથી. અરજદાર સિવાય બીજો કોઇ મુદ્દામાલ અંગે દાવેદાર નથી અને અરજદાર પશુપાલક છે તેમ નહી માનવાને પણ બીજા કોઇ કારણ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે શ્રી છત્રપતિ શિવાજી ગૌશાળા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદમાં પેરા નં. ૧૭ માં જો માલિક સામે પ્રથમ જ ગુનાના આક્ષેપ હોય અને અગાઉ તેની સામે કોઇ ગુનો પુરવાર થયેલ ન હોય તો તેનો માલિક તે બેટર ક્લેઇમન્ટ છે. વધુમાં તે ગાઇડલાઇન ધ્યાને લેતાં તેમજ ટ્રાયલ કોર્ટમાં તપાસનું કામ હાલમાં ચાલુ છે અને ચાર્જશીટ પણ થયેલ નથી અને ચાર્જશીટ થયા બાદ ટ્રાયલ કેટલા સમયમાં પૂર્ણ થશે તે પણ નિશ્ચિત નથી. તે સંજોગોમાં અચોક્કસ સમય માટે આ ભેંસોને પાંજરાપોળને સોંપીને પાંજરાપોળનું ભારણ વધરાવું યોગ્ય અને ન્યાયી જણાતું નથી. વધુમાં, **નામદાર સુપ્રિમ કોર્ટે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૩(૨), જી.એલ.આર. પેજ નં.૧૩૩૭ ના** ચુકાદામાં મુદામાલ પરત કરવા અંગેના આપેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા, મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં સોંપવાનું ઉચિત

જણાતું હોય, તેવા સંજોગોમાં સિધ્ધપુરના વિ.ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા મુદ્દામાલ ભેંસો કુલ–૧૪ પરત નહી સોંપવાના કરેલ વિવાદીત હુકમમાં હસ્તક્ષેપ કરવાનું યોગ્ય જણાય છે.

(૧૩) વધુમાં આ કામના સામાવાળા નં. ૨ દ્વારા ભેંસોના મેઈન્ટેનન્સ પેટે દરેક ભેંસ દીઠ દૈનિક રૂા.૨૦૦/– અપાવવા માંગણી કરેલ છે. પરંતુ તે રકમ વધુ પડતી જણાય છે. ભેંસના મેઈન્ટેનન્સ પેટે આ માંગણી તેઓએ કયા આધારે કરેલ છે તેવી કોઇ વિગતો દર્શાવેલ નથી. તેથી મેઈન્ટેનન્સ પેટે આટલી મોટી રકમ થતી હોય તો પશુપાલકને ભેંસનું મેઈન્ટેનન્સ જ પોષાય નહી અને તેઓ પશુપાલનનો ધંધો જ ના કરી શકે. આથી વ્યાજબી રકમ ભેંસના મેઈન્ટેનન્સ પેટે સામાવાળા નં. ૨ ને મળવાપાત્ર છે. જે દરેક ભેંસ દીઠ દૈનિક રૂા.૧૦૦/– લેખે કુલ – ૧૪ ભેંસના તા.૧૭/૧૨/૨૦૨૫ થી અરજદારને ભેંસનો કબજો મળે ત્યાં સુધીના અપાવવા ન્યાયી અને યોગ્ય જણાય છે. આમ, મુદ્દા નં.૧ નો નિર્ણય 'હકારમાં' ઠરાવી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧)** અરજદારની બી.એન.એસ.એસ.ની કલમ– ૪૩૮ અન્વયેની રીવીઝન અરજી શરતોને આધીન **મંજુર** કરવામાં આવે છે અને સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૨૧૭૦૩૦૨૫૧૪૦૦/ ૨૦૨૫, પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ– ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ) ના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ ભેંસો પરત મેળવવાની અરજી લગત તા.૧૦/૦૨/ ૨૦૨૬ ના રોજ સિધ્ધપુરના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી નાઓએ કરેલ વાદવાળો હુકમ આથી રદ કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર મુમન રીજવાનભાઈ ઉમરભાઈ નોડસોલા, ઉ.વ.આ.૫૩, ધંધોઃ ખેતી તથા પશુપાલન, રહે. નેદરા, હે.મોમીનવાસ, તા.સિધ્ધપુર, જી.પાટણ નાઓની આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ હાલ જીવીત ભેંસો નંગ–૧૪ છે તે મુદ્દામાલ પાવતી તથા પંચનામામાં જણાવેલ કિંમત ની દોઢી રકમના સધ્ધર જામીન અને તેટલી જ રકમ ના જાત મુચરકા અરજદારે રજુ કર્યેથી, નીચેની શરતોને આધીન કેસનો આખરી ન્યાયિક નિર્ણય ન થાય ત્યાં સુધી **વચગાળાના ધોરણે** અરજદારને સોંપી આપવા હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદારે દિન–૭ માં દરેક ભેંસ દીઠ દૈનિક રૂા.૧૦૦/– લેખે કુલ–૧૪ ભેંસના તા.૧૭/૧૨/૨૦૨૫ થી અરજદારને ભેંસોનો કબજો મળે ત્યાં સુધીની થતી રકમ સામાવાળા નં. ૨ પાંજરાપોળને ચુકવી આપવી અને તેની પહોંચ ટ્રાયલ કોર્ટમાં તથા સંબંધિત પોલીસ સ્ટેશનમાં એક એક નકલ રજૂ કરવી. જો સામાવાળા નં. ૨ આવી રકમ સ્વીકારવાની ના પાડે તો અરજદારે આ રકમ ટ્રાયલ કોર્ટમાં દિન–૭ માં જમાં કરાવવાની રહેશે અને ટ્રાયલ કોર્ટે તે રકમ મળ્યા બદલની પહોંચ આપવી અને સામાવાળા નં. ૨ તે રકમ ઉપાડવા માટે ટ્રાયલ કોર્ટને અરજી આપે તો તે રકમ સામાવાળા નં. ૨ ને ટ્રાયલ કોર્ટે ચુકવી આપવી. આ રકમ મળ્યેથી અગર તો ટ્રાયલ કોર્ટમાં જમા થયેથી સામાવાળા નં. ૨ નાએ સંબંધિત પોલીસ સ્ટેશનના ત.ક.અ.શ્રીની હાજરીમાં સદર ભેંસોનો કબજો અરજદારને સોંપી આપવો.

(૨) મુદ્દામાલની દરેક ભેંસને ઓળખચિહ્ન આપવું અને તેની જાણ ટ્રાયલ કોર્ટમાં તેમજ સંબંધીત પોલીસ સ્ટેશનમાં કરવી.

(૩) અરજદાર મુદ્દામાલ કેસ ચાલતા દરમ્યાન અન્ય કોઈને વેચાણ કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરે તો તેની વિગત તેમજ જો મુદ્ધામાલના કોઇ ઢોર મરણ જાય કે ઈજા થાય તો તે અંગેની તાત્કાલીક જાણ ટ્રાયલ કોર્ટમાં તેમજ સંબંધીત પોલીસ સ્ટેશનમાં કરવી.

(૪) મુદ્દામાલનો કોઈ પણ રીતે કોઈ પણ પ્રકારની ગુન્હાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહી.

(૫) ત.ક.અમલદારે અરજદારને મુદ્ધામાલની ભેંસોની સોંપણી કરતા પહેલા મુદ્ધામાલ ભેંસોના ઓળખ ચિહ્નો વાળા જરૂરી ફોટોગ્રાફ પાડવા અને જો પંચનામુ કરેલ ન હોય તો વિગતવારનુ પંચનામુ કરવુ અને ફોટોગ્રાફ તથા પંચનામુ દિન–૧૫ મા અચુકપણે ટ્રાયલ કોર્ટમાં રજુ કરવાના રહેશે.

(૩) મુદ્દામાલના જામીન તથા બોન્ડ આપવા અંગેની કાર્યવાહી સંબંધીત પો.સ્ટે. મા કરવી.

(૪) આ હુકમ અંગેની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

(૫) આ હુકમની એક પ્રમાણીત નકલ વિ.એડીશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુર નાઓની કોર્ટને મોકલી આપવી.

હુકમ આજરોજ તા.૧૨મી, માહે માર્ચ, સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૧૨/૦૩/૨૦૨૬
પાટણ.

(મહંમદઈરફાન અબ્દુલરઝાકભાઇ શેખ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
પાટણ
જજ કોડ નં.જીજે.૦૦૮૯૨

ARP